FRANKLIN TEMPLETON

# આપણા પ્રેસિડેન્ટ તરફથી રોકાણકારોને પત્ર.

## વિષય: અમારા ફંડ અંગેના મીડિયા રીપોર્ટ્સ પરની સ્પષ્ટતા

પ્રિય રોકાણકાર,

વિવિધ મીડિયા ચેનલો તરફથી કેટલાક સારા ઈરાદાથી પરંતુ તથ્યાત્મક રીતે ખોટા રીપોર્ટિંગથી ઉભી થયેલી કેટલીક ચિંતાઓ અંગે સંબોધન કરવા માટે હું વ્યક્તિગત રીતે આજે લખી રહ્યો છું. ચાલો, હું મુદ્દાવાર રીતે કેટલીક સ્પષ્ટતાઓ કરું:

### 1: રીપોર્ટિંગ થયું હતું કે: સ્કીમો બંધ થઈ રહી છે એટલે કે તમામ મૂડીનું ધોવાણ

**તથ્ય:** આ વાત તથ્યાત્મક રીતે ખોટી છે. અમે કારણો અને બજારના સંજોગોની જાણ કરી હતી કે જેને પગલે અમારે અત્યંત કઠીન નિર્ણય લેવો પડ્યો હતો કે જે શુદ્ધ રીતે અમારા રોકાણકારોના મૂલ્યોનું રક્ષણ કરવા માટે હતો. બજારની પરિસ્થિતિને અધીન રહીને જેમ સ્કીમો પોર્ટફોલિયો હોલ્ડિંગ્સની લિક્વિડ કરશે, કૂપન પેમેન્ટ્સ અને નિર્ધારીત પાકતી રકમ મેળવશે, ટ્રસ્ટીઓ સેબી (મ્યુચ્યુઅલ ફંડ) નિયમન 1996ના નિયમન 41(2)(બી)નું પાલન કરીને વહેલી તકે રોકાણકારોને નાણાં પરત આપવાનું શરૂ કરશે.

### 2: રીપોર્ટિંગ થયું હતું કે: આ સ્કીમોએ જોખમી, અનરેટેડ પેપરોમાં રોકાણ કર્યું હતું

**તથ્ય:** આ સ્કીમોએ ક્રેડિટ રેટિંગ સ્પેક્ટ્રમમાં ઈન્વેસ્ટમેન્ટ ગ્રેડ પેપર કહી શકાય કે AAA થી લઈને A રેટેડ પેપરમાં રોકાણની સાતત્યપૂર્ણ વ્યુહરચનાનું અનુસરણ કર્યું છે. આ વ્યુહરચનાથી તાજેતરના સમય સુધી આ સ્કીમો અને તેના રોકાણકારોનો ઉદ્દેશ્ય સિદ્ધ થયો છે. આ સ્કીમો છેલ્લા 6 મહિના દરમિયાન પણ નોંધપાત્ર રોકડ પ્રવાહ ઉભો કરી શકી હતી કે જે ક્રેડિટ માર્કેટ માટે વધુ અફરાતફરી વાળો માહોલ હતો. દા.ત. આ સ્કીમોએ મહત્તમ AA અને તેની નીચેના સ્તરે રેટ થયેલા પેપર્સમાં પોર્ટફોલિયો હોલ્ડિંગ્સમાંથી નોંધપાત્ર રોકડ ઉભી કરી છે.

### 3: રીપોર્ટિંગ થયું હતું કે: આ તરલતાની સમસ્યા કોવિડ-19 મહામારી સંબંધિત નથી

**તથ્ય:** આ સ્કીમોએ સમગ્ર ક્રેડિટ રેટિંગ સ્પેક્ટ્રમમાં રોકાણ કરવાની સાતત્યપૂર્ણ વ્યુહરચનાનું પાલન કર્યું છે અને ઘણાં વર્ષો સુધી તેમ કર્યું છે અને ઘણાંબધા બજાર ચક્રો દરમિયાન તેમ કર્યું છે. આ સ્કીમો આવા સમયગાળા દરમિયાન ટકી શકી છે અને દૈનિક તરલતા પ્રદાન કરે છે. આમાંથી ઘણી સ્કીમો સમાન વ્યુહરચના સાથે 10થી વધુ વર્ષોથી ઉપલબ્ધ છે. આ વર્તમાન કોવિડ-19 મહામારીએ ખાસ કરીને આ સ્કીમ જેમાં રોકાણ ધરાવે છે તે પ્રકારના રોકાણો માટે ગંભીર બજાર વિઘટન સર્જ્યું છે. જો કે, જોખમ લેવાના વલણના અભાવ, કોર્પોરેટ બોન્ડ્સ માટે વોલ્યુમ અને તરલતામાં ઘટાડો બજારના વ્યાપક મુદ્દા રહ્યાં હતા. કોવિડ-19 મહામારી તથા લંબાયેલા લોકડાઉનથી સર્જાયેલી બજારની સ્થિતિના પરીણામે સ્કીમો દરરોજ રિડમ્પશન આપવા માટે સક્ષમ રહી ન હતી.

**4: રીપોર્ટિંગ થયું હતું કે: આ સ્કીમો લાંબા સમય માટે રોકાણકારોના પૈસા પાછા આપી શકશે નહીં**

**તથ્ય:** દરેક સ્કીમો ની પોતાની મેચ્યોરિટી પ્રોફાઈલ હોય છે અને સામાન્ય રીતે, ટૂંકાગાળાની સ્કીમો રોકાણકારોને નાણા ઝડપથી પાછા આપી શકશે. આ સ્કીમો નિયમિત કૂપન પેમેન્ટ્સ અને મેચ્યોરિટીઝ મેળવશે. વધુમાં, સ્કીમો સંકટના વેચાણો પર આધાર રાખ્યા વગર પોર્ટફોલિયોમાં અન્ડરલાઇંગ અસ્કયામતોનું મૂદ્રીકરણ કરવાની તકો ચકાસશે. જેથી તે રોકાણકારોને બને તેટલી ઝડપથી તેમના નાણા પાછા આપી શકે. આ સ્કીમોનો પ્રયત્ન રહેશે કે અન્ડરલાઇંગ જામીનગીરીઓની પાકતી મુદતની તારીખ પહેલા જ આ મૂડી પરત કરી દે.

**5: રીપોર્ટિંગ થયું હતું કે: આપણે અન્ય તમામ ફ્રેન્કલિન ટેમ્પલટનની સ્કીમોમાંથી આપણા નાણા છોડાવી લેવા જોઈએ કારણ કે તે પણ બંધ થઈ શકે છે**

**તથ્ય:** છ ઉપજલક્ષી સ્કીમોના અમારા સમૂહને બંધ કરવાનો અમારો નિર્ણય અત્યંત મૂશ્કેલ હતો અને માત્ર રોકાણકારના હીતને ધ્યાનમાં રાખીને તે નિર્ણય લેવામાં આવ્યો હતો. આપણે આશા નહોતી રાખી કે આપણે આ સ્થિતિનો સામનો કરીશું. આપણે એ પણ જાણીએ છીએ કે તેનાથી આપણા રોકાણકારોને તરલતા પર અસર પડી છે પરંતુ આપણા યુનિટધારકો માટે મૂલ્યની જાળવણી કરવા માટે તે જરૂરી હતું.

અમારી અન્ય ફિક્સ્ડ ઈન્કમ વાળી સ્કીમો સબસ્ક્રિપ્શન અને રીડમ્પ્શન માટે ઉપલબ્ધ છે. જે મુખ્યત્વે સરકારી જામીનગીરી, AAA રેટેડ બોન્ડ્સ અથવા અન્ય રોકડ અને રોકડ સમકક્ષ સાધનો જેવી ઉચ્ચતર તરલ જામીનગીરીઓમાં રોકાણ કરે છે. આ પોર્ટફોલિયો રીડમ્પ્શનને પહોંચી વળવા માટે તરલતા ઉભી કરવાની આવશ્યક ક્ષમતા ધરાવે છે. અમે મેળવી શકીએ તેવી કોઈપણ રીડમ્પ્શનની માંગણીઓને પહોંચી વળવા માટે અમે પહેલેથી જ આ પોર્ટફોલિયોમાં નોંધપાત્ર માત્રામાં તરલતા ઉભી કરી છે.

અમારી ઈક્વિટીની સ્કીમો બિનઅસરગ્રસ્ત રહી છે અને અમારી ચેન્નાઈ સ્થિત અનુભવી અને કાર્યકારી ટીમ દ્વારા તેમની રોકાણની જરૂરીયાતો અને ફંડ સંચાલનની વિચારધારા પ્રમાણે તેનું નિયંત્રણ કરવામાં આવે છે.

**6: રીપોર્ટિંગ થયું હતું કે: ફ્રેન્કલિન ટેમ્પલ્ટન ભારતમાં તેનો કારોબાર સમેટી રહી છે**

**તથ્ય:** ફ્રેન્કલિન ટેમ્પલ્ટન ભારતમાં ઘણાં લાંબા સમયથી અને ધીરજપૂર્વકની રોકાણકાર રહી છે. અમારી 25થી વધુ વર્ષના ઈતિહાસમાં અમે ભારતમાં લાબાં ગાળાનો કારોબાર ઉભો કરવા માટે કામ કર્યું છે. અમારા કુલ વૈશ્વિક માનવબળમાંથી 33% હિસ્સો ભારતમાં છે તે આ વાતને ફરીથી પુરવાર કરે છે. અમારા ગ્લોબલ સીઈઓ જેની જોહ્નસનએ ખાતરીપૂર્વક કહ્યું છે કે ફ્રેન્કલિન ટેમ્પલ્ટનની ભારત માટેની કટિબદ્ધતા અડગ છે. અમે રોકાણકારોને વહેલી તકે બંધ થયેલી સ્કીમોમાંના નાણા ચૂકવવા માટે બને તેટલા પ્રયત્નો કરવા અને અમારી બ્રાન્ડમાં તમારો વિશ્વાસ પાછો મેળવવા માટે પ્રતિબદ્ધ છીએ.

એક વર્ગની અમારી છ સ્કીમોને બંધ કરવાનો અસાધારણ મૂશ્કેલ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો હતો કેમ કે વર્તમાનની અભૂતપૂર્વ પરિસ્થિતિમાં અમારા રોકાણકારોના મૂલ્યની જાળવણી કરવા માટે અમને તે એકમાત્ર ઉચિત વિકલ્પ લાગ્યો હતો.

મને આશા છે કે મારા આ પત્રથી ફ્રેન્કલિન ટેમ્પલ્ટન સાથેના તમારા રોકાણ સંદર્ભે તમને થોડી રાહત થશે. તે પછી બંધ થયેલી સ્કીમો હોય કે પછી સબસ્ક્રિપ્શન અને રીડમ્પ્શન માટે ખુલ્લી રહેલી સ્કીમો હોય.

હું તમારા સૌથી તાકીદના અને મહત્વના પ્રશ્નોના ઉત્તર આપવા માટે તમને નિયમિત રીતે અપડેટ આપવા માટે પ્રતિબદ્ધ છું.

જો તમને વધુ મદદની જરૂરીયાત હોય તો, કૃપયા સોમવારથી શનિવાર દરમિયાન સવારના 8 કલાકથી રાત્રના 9 કલાક દરમિયાન અમારી સમર્પિત હેલ્પલાઈન 1-800-258-4255 અથવા 1-800-425-4255 પર કોલ કરો. વૈકલ્પિક રીતે, તમે service@franklintempleton.com પર અમને ઈ-મેઈલ પણ કરી શકો છો. તમારી સાથે વાત કરતા અમને આનંદ થશે.

આભાર.

આપનો

વિશ્વાસુ,

સંજય

------------------

**સંજય સાપ્રે**
પ્રેસિડેન્ટ
**ફ્રેન્કલિન ટેમ્પલ્ટન એસેટ મેનેજમેન્ટ (ભારત) પ્રા. લિ.**

---

**ડિસ્કલેઇમર**

આ સંવાદમાં ઉપલબ્ધ માહિતી તમામ મહત્વની તથ્યોનું પ્રતિનિધિત્વ નથી કરતી અને તે માત્ર માહિતીના હેતુ માટે છે. આ સંવાદમાંના

નિવેદનો/મંતવ્યો/ભલામણો કે જેમાં “થશે”, “અપેક્ષિત”, “થઈ શકે”, “માનવું” જેવા શબ્દો અથવા શબ્દસમૂહો અને સમાન અભિવ્યક્તિ અથવા આવી અભિવ્યક્તિઓની ભિન્નતા “દૂરંદેશીવાળા નિવેદનો” છે. સેવા અને/અથવા રોકાણો પર પ્રભાવ પાડતા બજારના જોખમ, ભારત અને વિશ્વના અન્ય દેશોમાંના સામાન્ય આર્થિક અને રાજનૈતિક સ્થિતિને જોતા અમારી અપેક્ષાઓ સાથે સંકળાયેલા જોખમ અથવા અનિશ્ચિતતાની લીધે દૂરંદેશીભર્યા નિવેદનોથી સૂચિત વાસ્તવિક પરીણામો અલગ હોઈ શકે છે. આ સંવાદની તારીખ પછી જામીનગીરીને અસર કરતી બાબતોમાં બદલાવ આવી શકે છે. એએમસી, ટ્રસ્ટી, તેમના સહયોગીઓ, અધિકારીઓ અથવા કર્મચારીઓ અથવા હોલ્ડિંગ કંપનીઓ મૂડી પરના કોઈ વળતરની ખાતરી અથવા બાંહેધરી નથી આપતા અથવા આ સ્કીમોમાં રોકાણો પર આવકની ખાતરી નથી આપતા. રોકાણનો નિર્ણય લેતા પહેલા કૃપયા સ્કીમ ઈન્ફોર્મેશન ડોક્યુમેન્ટને સંપૂર્ણ રીતે કાળજીપૂર્વક વાંચો અને વધુ વિગતો માટે અમારી વેબસાઈટ http://www.franklintempletonindia.com ની મુલાકાત લો.

મ્યુચ્યુઅલ ફંડ્સમાંનાં રોકાણો બજારનાં જોખમોને આધિન છે, સ્કીમ સંબંધિત બધા જ દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.